# અમદાવાદ નેશનલ બુકફેર 2018 લઘુ વાર્તા સ્પર્ધા

આ વાર્તાસ્પર્ધાના નિયમો:
1. વાર્તા સ્પર્ધાનું પરિણામ જાહેર થયાની તારીખ સુધીમાં જેમનું એક પણ પુસ્તક પ્રકટ ન થયું હોય તેઓ જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
2. વાર્તાનું લખાણ સરળ હોય ને વાર્તાતત્ત્વ સુરેખ હોય તે જરૂરી છે.
3. વાર્તા કોઈ સામયિક, દૈનિક, રેડિયો, ઇન્ટરનેટ કે બીજે કશેય પ્રકાશિત કે પ્રસારિત થયેલી ન હોવી જોઇએ.
4. વાર્તાની શબ્દસંખ્યા મહત્તમ ૨૦૦૦ શબ્દોની છે. (લઘુતમ ૭૫૦ શબ્દો) તે ઓપન વર્ડ ફોર્મેટમાં ટાઇપ કરેલી હોય અને તેની જોડણી સાર્થ શબ્દકોશ અનુસાર હોય તે ઇચ્છનીય છે.
5. વાર્તાના મથાળે માત્ર વાર્તાનું શીર્ષક જ હોવું જોઇએ. લેખકનું નામ, સરનામું, ટેલિફોન, સેલ ફોન નંબર અને ઇ–મેલ આઇડી એક અલગ કાગળમાં જે તે શીર્ષક્ના સંદર્ભ સાથે આપવું અનિવાર્ય છે.
6. એક વ્યક્તિ મહત્તમ એક વાર્તા મોકલી શકશે.

સ્પર્ધામાં આવેલી તમામ વાર્તાને પ્રકટ કરવાનો પ્રથમ હક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને રહેશે. .

સ્પર્ધકે વાર્તા સાથે પોતાનો વાર્તા સંગ્રહ પ્રગટ ન થયો હોવાની, અને મોકલેલ વાર્તા સંપૂર્ણપણે પોતાની મૌલિક અને અપ્રગટ હોવાની, અને પ્રગટ કરવા માટે ક્યાંય મોકલી ના હોવાની, અને હવે ક્યાંય મોકલશે નહીં તેવી બાહેંધરી સાથે આશરે પચાસ શબ્દોમાં પોતાનો પરિચય અને પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ મોકલવો જરૂરી છે. સ્પર્ધકો પોતાની વાર્તાની એક નકલ સાચવી રાખે તેવું સૂચન છે, કારણકે વાર્તાની હસ્તપ્રત પાછી મોકલવાનું શક્ય નથી. સ્પર્ધામાં પારિતોષિકો માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. પરિણામના અનુસંધાનમા કોઇ વાંધા કે વિવાદને માટે અવકાશ નથી. આ સ્પર્ધા અંગે કોઈ પત્રવહેવાર, એસએમએસ કે ફોનચર્ચા થશે નહીં. વાર્તા મોડામાં મોડી નવેમ્બર ૨૦, ૨૦૧૮ સુધીમાં નીચેના સરનામે મળી જશે તો જ સ્પર્ધામાં ભાગ લેવાને પાત્ર ગણાશે..
વાર્તા મોકલવાનું સરનામું:

વાર્તા સ્પર્ધા-અમદાવાદ નેશનલ બુકફેર ૨૦૧૮
કેર ઓફ શ્રી બીપીનભાઈ મોદી,
ગ્રંથપાલશ્રી, શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય
કવિ ન્હાનાલાલ માર્ગ,
ટાઉન હૉલ નજીક,એલિસબ્રિજ
અમદાવાદ -૩૮૦૦૦૬

વર્ડ/પીડીએફ ફાઇલ ઇ-મેઇલ થી મોકલવાનું સરનામું:
bipin_lib@yahoo.co.in